GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN.– JUNE, 2025

Number 27



*My life is My Message*

**Chief Editor**

**Dr R. F. Thakor**
**Senior Scientist & Head**

**Editorial Team**

Shri K. A. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Kisan Samman Samaroh

Hon. Prime Minister Shri Narendrabhai Modi announced the 19th installment of PM Kisan Samman Nidhi Yojana on 24th February 2025 at the programme held in Bhagalpur, Bihar. A district level Kisan Samman Samaroh programmme was organized at KVK in collaboration of Dept. of Agriculture, Valsad and ATMA Project-Valsad. Dr. R. F. Thakor, Senior Scientist and Head outlined the programme. Shri. Dhavalbhai Patel, Hon. Member of Parliament (Valsad-Dang), informed the farmers that Rs. 22000 crore will be deposited in the bank accounts of 9.8 crore farmers in the 19th installment of PM Kisan through which the farmers will buy seeds and other inputs. He gave detail information about the agriculture-oriented schemes and activities of the government. The farmers watched the live broadcast of the programmme of Hon. PM from Bhagalpur, Bihar. Shri Manharbhai Patel, President of District Panchayat encouraged the farmers to get their accounts e-KYC. The beneficiaries of various schemes of the Government were honored. An agricultural exhibition with 20 stalls was also organized. More than 750 farmers were participated in this program. The Hon. District Collector, Hon. DDO, Mamlatdar, Provincial Officer, Kaprada Taluka Panchayat President, District Panchayat members and officers of various departments were present in this programme.





## કિસાન સન્માન સમારોહ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 ફેબ્રુઆરી 2025 ના રોજ બિહારના ભાગલપુરમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ કિસાન યોજનાના 19મા હપ્તાની જાહેરાત કરી હતી. વલસાડ જિલ્લાના ખેડૂતો આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ જોઈ શકે અને પ્રેરિત થઈ શકે તે માટે કેવીકે ખાતે જિલ્લા કક્ષાના કિસાન સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કૃષિ વિભાગ, અને આત્મા પ્રોજેક્ટ-વલસાડ ના સહયોગથી કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં, કકેવીકેના વડા ડૉ. રાજેન્દ્રસિંહ ઠાકોરે કાર્યક્રમની રૂપરેખા આપી. કાર્યક્રમના અધ્યક્ષ સંસદ સભ્ય (વલસાડ -ડાંગ) શ્રી ધવલભાઈ પટેલે ઉપસ્થિત ખેડૂતોને માહિતી આપી કે પીએમ કિસાન યોજનાના ૧૯મા હપ્તામાં ૯.૮ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ૨૨૦૦૦ કરોડ રૂપિયા જમા થશે, જેના દ્વારા ખેડૂતો બિયારણ અને અન્ય સામગ્રી ખરીદી શકશે. તેમણે સરકારની કૃષિલક્ષી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી. ખેડૂતોએ ભાગલપુરથી મા. વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું. વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલે ખેડૂતોને યોજનાકીય લાભ લેવા માટે તેમના ખાતાઓનું ઈ-કેવાયસી કરાવવા માટે પ્રોત્સાહિત કર્યા. સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થી ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના ભાગરૂપે 20 સ્ટોલ સાથેનું કૃષિ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 750 થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મા. જિલ્લા કલેક્ટર, મા. જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, પ્રાંત અધિકારી, કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્યો અને જિલ્લાના વિવિધ વિભાગોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Viksit Krishi Sankalp Abhiyan (VKSA)

Under the guidance of Union Ministry of Agriculture, Government of India and ICAR, Krishi Vigyan Kendras across the country organized “Viksit Krishi Sankalp Abhiyan” during 29th May to 12th June,2025. Three teams of scientists along with the state government officials were formed by KVK to cover six villages to reach about 1200 farmers per day. As a part of this campaign, KVK Valsad organized programmes in 90 villages in Valsad district covering about 21525 farmers from all blocks. The experts of KVK Valsad, scientists from NAU, Paria and ICAR, officers from department of Agriculture and ATMA Project, Valsad and progressive farmers guided the farmers on production technologies of Kharif crops, dairy enterprise and various schemes of government. During this campaign, an agricultural chariot was also organized in which agricultural techniques were displayed. In addition, group discussions were held with farmers, scientists and experts to know and solve the agricultural problems of the farmers. The Farmers were also informed on soil health card, soil health management, natural farming, five-tier model, etc. through Kisan Gosthi and farmers feedback were collected.



## વિક્સિત કૃષિ સંકલ્પ અભિયાન

કેન્દ્રીય કૃષિ મંત્રાલય, ભારત સરકાર તથા આઇસીએઆરના માર્ગદર્શન મુજબ દેશભરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના નેતૃત્વ હેઠળ તારીખ ૨૯ મે થી ૧૨ જૂન દરમ્યાન દેશ વ્યાપી “વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન” હાથ ધરવામાં આવેલ. કેવીકે દ્વારા પ્રતિ દિવસ જીલ્લાના છ ગામોમાં જઇ અંદાજીત 1200 ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે વૈજ્ઞાનિકો તથા અધિકારીઓની ત્રણ ટીમોની રચના કરવામાં આવેલ. આ અભિયાન અંતર્ગત કેન્દ્ર દ્વારા વલસાડ જીલ્લાના દરેક તાલુકામાં ૯૦ ગામમાં ગોઠવવામાં આવેલ કાર્યક્રમોમાં કુલ ૨૧,૫૨૫ ખેડુતોએ ભાગ લીધો. કેવીકેના નિષ્ણાંતો, યુનિવર્સિટી તથા આઇસીએઆરના વૈજ્ઞાનિકો, ખેતીવાડી ખાતા અને આત્મા પ્રોજેકટના અધિકારીઓ તેમજ પ્રગતિશીલ ખેડુતોએ ખેડુતોને ચોમાસુ રૂતુ માટે ખેતી વિષયક તેમજ સરકારની વિવિધ યોજનાઓ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન પુરુ પાડ્યુ. અભિયાન દરમિયાન કૃષિ રથનુ પણ આયોજન કરવામાં આવેલ જેમાં કૃષિને લગતી તાંત્રિકતાઓને પ્રદર્શિત કરવામાં આવી. ઉપરાંત, કૃષિને લગતી સમસ્યાઓના નિરાકરણ માટે ખેડૂતો અને નિષ્ણાતો સાથે ચર્ચા કરવામાં આવેલ. ખેડૂતોને કિસાન ગોષ્ઠી દ્વારા સોઇલ હેલ્થ કાર્ડ, જમીન તંદુરસ્તી, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, પંચસ્તરીય મોડલ વગેરે વિષય અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ.

## Training on Natural Farming

Under the National Mission on Natural Farming, a five-day training program on natural farming was organized at KVK as a nodal training center during 21st to 25th, April, 2025 in collaboration with Atma Project for a total of 51 Krishi Sakhis and Community Resource Persons (CRP) of 26 clusters of Valsad district. In addition, a total of 14 training programs on natural farming were organized for Krishi Sakhis and CRPs of non-mission clusters and farmers. In collaboration with the ATMA Project-Dang, five training programs of three day duration on natural farming were also organized at the KVK in which about 164 farmers from Dang district participated. In this training, theoretical and practical training was provided on various aspects of natural farming such as indigenous cows and microorganisms, importance of earthworms, Jivamrit/Ghanjivamrit, importance of Bijamrit and its preparation method, mulching, Vapsa condition and irrigation management, symbiotic: mixed crops, crop protection with biopesticides, etc. The trainees were also visited model farm at Karaya and dairy at Nani Tambadi.



## પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમો

નેશનલ મિશન ઑન નેચરલ ફાર્મીંગ અંતર્ગત નોડલ ટ્રેનીંગ સેન્ટર તરીકે કેવીકે ખાતે તા. ૨૧-૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાન આત્મા પ્રોજેક્ટના સહયોગથી વલસાડ જિલ્લાના ૨૬ ક્લસ્ટરના કુલ ૫૧ કૃષિ સખી અને કોમ્યુનીટી રીસોર્સ પર્સન (CRP) માટે પ્રાકૃતિક ખેતી અંગે પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ. આ ઉપરાંત નોન-મિશન ક્લસ્ટરના કૃષિ સખી અને CRP તથા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીના કુલ ૧૪ તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવેલ. આત્મા પ્રોજેક્ટ-ડાંગના સહયોગથી પ્રાકૃતિક ખેતી અંગેના ત્રણ દિવસીય કુલ ૫ તાલીમ કાર્યક્રમોનું આયોજન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું. જેમાં ડાંગ જિલ્લામાંથી કુલ ૧૬૪ ખેડૂત ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જેવાકે દેશી ગાય અને સૂક્ષ્મ જીવાણુઓ, અળસિયાનું મહત્વ, જીવામૃત/ઘનજીવામૃત, બીજામૃતનું મહત્વ અને બનાવવાની પધ્ધતિ, આચ્છાદન, વાપસા અને પિયત વ્યવસ્થાપન, સહજીવન: મિશ્રપાકો, પાક સંરક્ષણ- જંતુનાશક અસ્ત્રો વગેરે વિષયોની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને નાની તંબાડી ખાતે આવેલ ગૌશાળાની મુલાકાત પણ કરાવવામાં આવી હતી.

## Padma Shri. Gafurbhai Bilakhiya visited KVK

Padma Shri. Gafurbhai Bilakhiya, Trustee of Gujarat Vidyapith visited Krishi Vigyan Kendra and dairy unit at KVK on 6th May,2025. He donated Rs. 5,00,000/- to bring pure– breed indigenous Gir cows at dairy demonstration unit of KVK. During the training programme on natural farming organized at the KVK, he encouraged the trainee farmers of the district to adopt the natural farming to reduce harmful effect of chemicals and make arrangements for the sale of farm produce to get affordable prices. He expressed satisfaction with the various activities undertaken by the KVK.





## પદ્મશ્રી ગફુરભાઇ બિલખીયાની કેવીકે મુલાકાત

ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી પદ્મશ્રી ગફૂરભાઇ બીલાખીયાએ તા. ૦૬/૦૫/૨૦૨૫ના રોજ કેન્દ્ર અને ગૌશાળાની મુલાકાત લીધી. તેમના દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ગૌશાળા નિદર્શન એકમ ખાતે શુધ્ધ ઓલાદની દેશી ગીર ગાયો લાવવા માટે રૂ. ૫,૦૦,૦૦૦/-નુ માતબર દાન આપવામાં આવ્યું તેમણે કેન્દ્ર ખાતે આયોજીત પ્રાકૃતિક ખેતી તાલીમ દરમ્યાન જીલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા તાલીમાર્થી ખેડુતોને ખેત પેદાશના વેચાણ અર્થે વ્યવસ્થા ગોઠવવા તથા પોષણક્ષમ ભાવો મેળવવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓથી સંતોષ વ્યક્ત કર્યો.

## World Environment Day

The world environment day is celebrated on 5th June to create awareness about the increase in pollution levels and the threat to the environment due to climate change. The programme to celebrate this day was organized by KVK at Kaval village of Vapi Taluka. The Taluka Development Officer of Vapi taluka, Assistant director of agriculture, representative of ATMA project and scientist from NAU, Paria were remained present. About 65 farmers and farm women participated in this programme. The dignitaries emphasized on avoiding the use of plastic, cleanliness and natural resource management. Similarly, world water day was also organized at KVK on 22nd, Mar.,2025 in which about 168 farmers and farm women from Karjun, Shahuda and Kolvera villages were guided about efficient use of water.



## વિશ્વ પર્યાવરણ દિવસ

વિશ્વ પર્યાવરણ દિવસ ૫મી જૂને ઉજવવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિવસનો હેતુ હવામાન પરિવર્તનના કારણે વધતા જતા પ્રદૂષણ સ્તર અને પર્યાવરણ માટેના જોખમ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. કેવીકે દ્વારા વાપી તાલુકાના કવાલ ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં વાપી તાલુકાના ઇનચાર્જ તાલુકા વિકાસ અધિકારીશ્રી, આત્મા પ્રોજેક્ટના પ્રતિનીધિશ્રી, યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રી અને મદદનીશ ખેતી નિયામકશ્રી ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમ અંદાજીત ૬૫ ખેડુત ભાઇઓ અને બહેનોએ ભાગ લીધો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા, કુદરતી સંશાધનોની જાળવણી તથા સ્વચ્છતા પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત, કેવીકે ખાતે તા. ૨૨-૦૪-૨૫ ના રોજ વિશ્વ જળ દિવસની ઉજવણીમાં કરજુન, શાહુડા અને કોલવેરા ગામના ૧૬૮ ખેડુતોને પાણીના કાર્યક્ષમ ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.

## World Women Day

The world women day was celebrated at KVK on 8th March,2025 in which more than 80 farmers and farm women from 18 villages were participated. On this occasion, Smt. Vanitaben, Professor of Arts and Commerce College, Motapondha remained present as chief guest. She encouraged the women to be self reliant through various schemes of the government. Smt. Premilaben Ahir, Home Scientist of KVK informed the women about various vocational activities carried out by Krishi Vigyan Kendra, Valsad.



## વિશ્વ મહિલા દિવસ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે તા. ૮ મી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ૧૮ ગામના ૮૦ થી વધુ ભાઇઓ અને બહેનો હાજર રહ્યા હતા આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢાનાં પ્રોફેસર શ્રીમતી વનિતાબેન દ્વારા મહિલાઓને સરકારની વિવિધ યોજનાઓ થકી પોતે આત્મનિર્ભર બની શકે તેની માહિતી આપવામાં આવી. કેવીકેના ગૃહ વૈજ્ઞાનિક શ્રીમતી પ્રેમીલાબેન આહીરે મહિલાઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતી મહિલાલક્ષી પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા.

## Frontline Demonstrations on Crops (અગ્ર હરોળ પાક નિદર્શનો)

| Season ઋતુ | Crop પાક | Variety/Technology જાત/ તાંત્રિક્તા | Area (ha) વિસ્તાર(હે) | Farmers ખેડુતો | Villages ગામો |
|---|---|---|---|---|---|
| Rabi - 25 રવી-૨૫ | Sugarcane શેરડી | CON 015071 કો. એન. ૧૩૦૭૩ | 2 | 10 | Ambach, Kherlav અંબાચ, ખેરલાવ |
| Summer– 25 ઉનાળુ- ૨૫ | Greengram મગ | GM-7 જી. એમ. ૭ | 10.2 | 85 | Arnala, Goima, Hanmatbari, Dhodhadkuva, Asma અરનાલા, ગોઇમા, હનમતબારી, ધોધડકુવા, આસ્મા |
| Summer– 25 ઉનાળુ- ૨૫ | Green Fodder લીલો ઘાસચારો | Rajka Bajri રજકા બાજરી | 8.6 | 86 | Khuntli, Amdha, Samarpada, Ambheti, Sukhala ખુંટલી, આમધા, સામરપાડા, અંભેટી, સુખાલા |
| Kharif– 25 ખરીફ- ૨૫ | Paddy ડાંગર | Sardar સરદાર | 25 | 125 | Arnala, Goima, Sukhala, Dhodhadkuva, Asma, Kachval અરનાલા, ગોઇમા, સુખાલા, ધોધડકુવા, આસમા, કચવાલ |
| Kharif– 25 ખરીફ- ૨૫ | Paddy ડાંગર | GR-26 જી..આર-૨૬ | 5 | 25 | Sadadvera, Dhodhadkuva સાદડવેરા, ધોધડકુવા |
| Kharif– 25 ખરીફ- ૨૫ | Nagli નાગલી | Guj.Nagli- 9 ગુ.નાગલી- ૯ | 10 | 100 | Narvad, Dhamavegan, Sadadveri, Piprol, Ulaspidi નારવડ, ધામનવેગન, સાદડવેરી, પીપરોળ, ઉલસપીંડી |
| Kharif– 25 ખરીફ- ૨૫ | Bittergourd કારેલા | Akash આકાશ | 2.5 | 25 | Kunda, Nalimadhani કુંડા, નલીમધની |

## Vocational Training

Training programme on Mushroom production was organized at KVK during 24-29th Jan,2025. Smt. Premilaben Ahir (Home Scientist) provided theoretical and practical training to 48 participants on oyster mushroom production. The input kits with mushroom spawn were given to trainees to start mushroom unit.

The KVK trained 36 farm women from 12 villages on vermicompost and they were also provided vermiculture for demonstration purpose.

The training of 15 days duration on candle making was organized at KVK from 27th May to 10th June, 2025 in collaboration with Rural Technology Institute in which 30 women from Ambheti and surrounding villages were participated.







## વ્યવસાયલક્ષી તાલીમ

કેવીકે ખાતે મશરુમ ઉત્પાદન અંગે તાલીમ ગોઠવવામાં આવેલ. જેમાં જિલ્લાના ૨૦ જેટલા ગામના ૪૮ ભાઇ બહેનોને ઓઇસ્ટર મશરુમ ઉત્પાદન અંગે ગૃહ વૈજ્ઞાનિક પ્રેમીલાબેન આહીરે સૈધ્ધાતિક અને પ્રાયોગિક તાલીમ આપી હતી. નિદર્શન અંતર્ગત તાલીમાર્થીઓને મશરૂમ એકમ શરૂ કરવા મશરુમ બિયારણ સાથે ઇનપુટ કીટ આપવામાં આવી હતી.

કેન્દ્ર દ્વારા ૧૨ ગામની કુલ ૩૬ મહિલાઓને વર્મીકંમ્પોસ્ટની તાલીમ આપી નિદર્શન પેટે એકમ દીઠ ૧ કિલો અળસિયા આપવામાં આવ્યા.

કેવીકે ખાતે તા. ૨૭/૦૫/૨૫ થી ૧૦/૦૬/૨૫ દરમ્યાન ગ્રામ ટેકનોલોજી સંસ્થાના સંકલનમાં ૧૫ દિવસીય મીણબત્તી બનાવવા અંગેનો તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ જેમાં અંભેટી અને આજુબાજુના ગામની ૩૦ બહેનોએ ભાગ લીધો હતો.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191